**માન.ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)**

**<u>અગ્રતા ક્રમ – ૦૫</u>**

**પ્રશ્ન–૧ મારા દાહોદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મંજૂર થયેલ બંન્ને જગ્યાઓ ભરેલી છે તે માટે માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો હું આભાર માનું છે મારે એ જણાવું છું કે આ બંન્ને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને શું કામગીરી ફાળવવામાં આવી છે ?**

**જવાબ**

**માન.અધ્યક્ષશ્રી**

**માન.સભ્યશ્રી દ્વારા ઉપસ્થિત કરાયેલ દાહોદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબતના પ્રશ્ન સંબંધમાં વાત કરૂ તો.....**

દાહોદ જીલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ–૨ જગ્યાઓ મંજૂર થયેલ છે. જે તમામ જગ્યાઓ ભરાયેલ છે જેમાં ભરાયેલ નાયબ જિલ્લા વિકાસ અધિકારી પૈકી એક નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી વિકાસ અને મહેકમ શાખા સબંધિત કામગીરી સંભાળે છે અને બીજા જીલ્લા વિકાસ અધિકારી મહેસુલ અને વહીવટ શાખા સબંધિત કામગીરી સંભાળે છે.

**માન.અધ્યક્ષશ્રી**

પંચાયતોના સુદૃઢીકરણ કરવા બાબતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ભૂમિકાની વાત કરૂ તો..

- જિલ્લા પંચાયત હેઠળના વર્ગ–૧, ૨ ના અધિકારીશ્રીની સેવા–મહેકમ વિષયક કામગીરી
- વર્ગ–૩ અને વર્ગ–૪ ની સેવા–મહેકમ વિષયક કામગીરી
- જુનિયર કલાર્ક અને ત.ક.મંત્રી સંવર્ગના નિમણૂક સત્તાધિકારી તરીકેની કામગીરી
- જમીન મહેસુલને લગત જિલ્લા પંચાયતને સુપ્રત થયેલ અધિકારો પરત્વેની કામગીરીના અમલીકરણ બાબત.
- દબાણો દુર કરવા સંબંધી કામગીરી
- જિલ્લાના ૭૩ એ.એ. ના કેસોની કામગીરી
- આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી
- ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેની સત્તા.
- ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૫૪(૩) મુજબ સરપંચ અને ઉપસરપંચ રાજીનામાની તકરાર અંગે નિર્ણય કરવાના અધિકારો.
- જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ સામે પંચાયત અધિનિયમ મુજબ પગલાં લેવાના અધિકારો.
- ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓશ્રીઓની તાલીમનું આયોજન.
- ગ્રામ પંચાયતની તપાસણી તથા સુપરવીઝન
- જીલ્લા પંચાયત/તાલુકા પંચાયત/ગ્રામ પંચાયતની ચુંટણીલક્ષી કામગીરી

- જીલ્લા પંચાયત સામાન્ય સભા/કારોબારી સભા વિગેરે સમિતિની રચના અને તેને સંલગ્ન કામગીરી
- ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ હેઠળ જીલ્લા પંચાયતને સુપ્રત થયેલ કાર્યો અને ફરજો મુજબની કામગીરી
- ગ્રામ સભાનું આયોજન તથા અમલીકરણની તમામ પ્રકારની કામગીરી
- નાણાપંચની કામગીરી
- પંચાયત વિભાગ હસ્તકની વિવિધ વિકાસલક્ષી યોજનાની ગ્રાન્ટ ફાળવણીની કામગીરી તેમજ યોજનાના અમલીકરણ સબંધિત કામગીરી